# ગાંધીજીના ભક્ત કે સેવક નહીં, પણ ગાંધીજીના સાથી બનવું જોઈએ

## વિશ્વગ્રામના ઉપક્રમે રાજમોહન ગાંધીનું વ્યાખ્યાન યોજાયું

ગુરુવારની સાંજ મહાત્મા ગાંધીજીના પ્રપૌત્ર રાજમોહન ગાંધી સાથે ગાંધીનગરના બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કોલેજ બિલ્ડીંગ, સર્વ વિદ્યાલય પરિસર, સેક્ટર-૨૩ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન વિશ્વગ્રામ સંસ્થા દ્વારા મહાત્મા ગાંધી વિષયે સંવાદ અંતર્ગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ખૂબ જ પ્રચલિત ભજન સકળ લોકમાં સહુને વંદે...નિંદા ન કરે એની રે..., વૈષ્ણવ જન તો તેને રે કહીએ થી કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજમોહન ગાંધીનું સૂતરની આંટી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશ્વગ્રામ સંસ્થાના શ્રી સંજયભાઈ સોનીએ રાજમોહન ગાંધીની ઉપસ્થિતિમાં JOURNEY TO THE OTHER INDIA પુસ્તક પરથી ગુજરાતી અનુવાદ થયેલી 'બીજા ભારતની યાત્રા' પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે હરિભાઈ દેસાઈ, વિજયભાઈ, અરૂણાબેન, મનોજભાઈ અને મણિભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને આગળ વધારતાં રાજમોહન ગાંધીએ ગાંધી વિષય સંદર્ભે નગરજનોને તેમના ગાંધી વિશેના સવાલો રજૂ કરવા જણાવ્યું હતું અને સવાલોના સુંદર શૈલીમાં સવાલોને અનુરૂપ જવાબો રજૂ કર્યા હતા. હોલમાં અદાજે ૧૦૦થી વધુ નગરજનોને હાજર હતાં અને ઘણાંએ ગાંધી વિષય પર મુક્ત મને તેમના સવાલો રજૂ કર્યા હતા. જેમ કે ૧) ૧૫૦ વર્ષ પછી લાગે છે કે લોકો ગાંધીજીને માનવાનું બંધ કરી દેશે? જવાબમાં રાજ મોહન ગાંધીએ જણાવ્યું હતું કે, રિલેવન્ટનો મતલબ જો પોપ્યુલારિટી છે, તો ગાંધીજી પહેલાંના ઈનરિલેવન્ટ થઈ ચૂક્યા છે અને જો આજે ગાંધીજી ઈલેક્શન લડે તો તેઓ ઈલેક્શનમાં હારી જાય. ૨) આઝાદી વિશે ગાંધીજી શું ચાહતા હતા ? પ્રાયોરીટી શેને આપતા ? જવાબ એમણે કહ્યું કે, બિચારા ગાંધીજીને આપણે ક્યાં સુધી જવાબદારી આપીશું ? એમણે ગાંધીજી વિશે જણાવતા કહ્યું કે, જો કોઈ એ કંઈ બનવું જ હોય તો, ગાંધીજીના ભક્ત નહીં કે સેવક નહીં પણ ગાંધીજીના સાથી બનવું જોઈએ. આ સવાલોની શ્રૃંખલા જેમ જેમ આગળ વધતી ગઈ એ સાથે કાર્યક્રમમાં હાજર હરિભાઈ દેસાઈએ એમના સવાલો પણ રજૂ કર્યા હતાં. જેમાં હરિભાઈ દેસાઈએ જણાવ્યું કહ્યું હતું કે, આપશ્રી વિઠ્ઠલભાઈ પટેલની આગામી ૧૫૦મી જન્મ જયંતી પર એક પુસ્તક વિઠ્ઠલભાઈ પટેલ પર લખો. વધુમાં એમને કહ્યું કે, વિઠ્ઠલભાઈને આપ કેવી રીતે દેખો છો ? આજે અમારા જેવાં વિદ્યાર્થી કે છાત્રો કાશ્મીર જેવાં મુદ્દા પર શું કરી શકીએ ? આવા સવાલોના જવાબમાં રાજમોહન ગાંધીએ ખૂબ સરસ શબ્દોમાં હસતાં હસતાં કહ્યું હતું કે, તમે મારાથી એકાદ વર્ષ નહીં પણ ઘણાં નાના છો, તો લખવાની જવાબદારી તમારી છે. ખુશ પરીખે એક કાગળમાં લખીને સવાલ કર્યો હતો કે, શું આપને દાદાના ખોળામાં રમવાનો મોકો મળ્યો હતો ખરો ? આ સવાલના જવાબ આપતાં રાજમોહન ગાંધીએ એમનાં સંસ્મરણો વાગોળતા કહ્યું હતું કે, આજે મારી દાદીને પણ યાદ કરો કારણ કે, કસ્તુરબા વગર ગાંધી કંઈ ન કરી શક્યા હોત અને હા, મને એ મોકો મળ્યો હતો પણ ખૂબ ઓછો સમય મળ્યો હતો અને આપ સૌ જાણો જ છો કે, હર એક બચ્ચે કો વો અપના બચ્ચા માનતે થે પર વો કભી અપને બચ્ચોં કો સમય નહીં દે પાયે. જ્યારે હું ગાંધીજીને પગે લાગતો ત્યારે તે મારી પીઠ પર હાથ ઠોકતા. દમ થા ઉનકે હાથો મેં.

સહુએ ખૂબ જ ધ્યાનપૂર્વક શ્રી રાજમોહન ગાંધીને સાંભળ્યા હતા. એમને એમ પણ જણાવ્યું હતું કે, આપણે સત્ય, અંતર આત્માની વાત સાંભળવાની છે, સત્યમેવ જયતે અને કહ્યું કે, હમ બોલતે બહોત હૈ ઓર સુનતે કમ હૈ. વધુમાં એમણે કહ્યું કે, ગાંધીજી પાસેથી હું શીખ્યો છું કે, જો તુમસે ગુસ્સે સે બાત કરે, ઉસે તુમ સ્વસ્થ રહેકર જવાબ દો. તુમ અપની જગહ પર ટિકે રહો અગર કોઈ ગુસ્સે સે ભી બાત કરે.

સહુએ આ વક્તવ્ય અને સવાલ-જવાબ પરત્વે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



પંકજ એમ શાહ
એડવોકેટ
મો. ૯૮૨૫૫ ૮૪૫૨૫



શિવાની
જિજ્ઞેશભાઈ રાજ્યગુરુ
મો. ૯૮૭૦૦ ૭૭૩૯૧



હેલી યોગેશ પારેખ



અક્ષય સુખડિયા
રાધે-રાધે ગ્રૃપ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ટ્રાફિક અવેરનેસ વ્યાખ્યાન



શ્રી જય પ્રકાશ વિદ્યાલય, સૅક્ટર-૨૬ ખાતે ટ્રાફિક જાગૃતિ પખવાડિયા અંતર્ગત ટ્રાફિક વિભાગ ના ધર્મેન્દ્રસિંહભાઈએ બાળકોને ટ્રાફિકના કાયદા અંગે વિગતે માહિતી પૂરી પાડી હતી. શાળાના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાય તથા અજીતસિંહ સોલંકીએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી ટ્રાફિક અંગે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળામાં

## વિદ્યાર્થીઓ માટે કાઈટ મેકિંગ સ્પર્ધા યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને કલા શિક્ષકના સંયુક્ત પ્રયાસથી કાઈટ મેકિંગ સ્પર્ધાનું આયોજન ઉત્તરાયણ પર્વ નિમિત્તે કરવામાં આવ્યું હતું. ધોરણ-૭,૮ના ૫૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધામાં ભાગ લઈ રંગીન કાગળ, વાંસની સળીઓ વગેરેના ઉપયોગથી ચગાવી શકાય તેવા પતંગોને કલાકૃતિની માફક તૈયાર કર્યા હતા. આચાર્ય નીવાબેન પટેલે આ ઉપયોગી ઉપક્રમ બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## માનવતાની સરવાણીએ ૨૦૦ વર્ષની મજલ કાપી



૧૮/૧/૧૮૨૦... વીસ વરસના એક યુવાન નામે જલારામ..વિરપુર ગામમાં રામનામની આહલેક થકી રામરોટી શરૂ કરે છે..જે કોઇ ભૂખ્યું માણસ વિરપુરના પાદરેથી નિકળે એ જાણે સાક્ષાત ઈશ્વર..બાપા એને વંદન કરી ઘેર લઈ આવે..એને પાટલે બેસાડી પ્રસાદ ખવડાવે..બાપાના રામ એટલે આવી જીવંત મૂર્તિઓ..દરિદ્રનારાયણ કોને કહેવાય એ સમજવા માટે બાપાને કોઇ ડિગ્રીની જરૂર ન્હોતી પડી..અંતરનો એક ભાવ એમણે સહજ વહેતો કર્યો અને શરૂ થઇ માનવતાની એક સરવાણી..જે આજે બસ્સો વરસ પછી પણ અવિરત વહે છે..

જલારામ બાપાનો કર્મયોગ સહજ હતો..ના કોઈ પ્રચાર ના દોડધામ ના કોઈ દાવો કે મોટા આદર્શો..પોતાના વિશે કયારેય કોઈ શબ્દ બોલ્યા નથી આ સંત..કહયું છે બસ આટલું જ એ પણ કયારેક 'હું તો મારા રામનો ટહેલિયો છું..' ટહેલ એટલે ઈશ્વરનો આદેશ અને એને વિનિતભાવે અમલમાં મુકે એ ટહેલિયો..જે નિર્લેપ હોય છે...પ્રવૃત હોય પણ તોય અલિપ્તતાનો એક અનોખો મહિમા હોય..સેવાનો દેખાડો ના હોય..સેવા એ સહજ માનવફરજ છે..સેવા માટે બહુ મોટાં આયોજનો કે શોરબકોર પણ જરૂરી નથી..જયાં ચરણ પડે ત્યાં કાશી..બાપાએ એકલખૂણે..એકમાત્ર એમનાં ધર્મપત્નીના સહકારથી સદાવ્રતની શરૂઆત કરી જે ધમધમી રહયું છે આજેપણ...

કોઈપણ પ્રકારના જાહેર કે ગુપ્ત દાન વગર ચાલતું વિરપુરનું અન્નક્ષેત્ર એક આશ્ચર્યચિન્હ છે..આસ્થાનો આવો અજાયબ ઓટલો એ અવનિની અજાયબી છે..રોટલામાં રામ..ઓડકાર એ જ માનવ ધબકાર..લાખો ભૂખ્યાજનોના જઠરાગ્નિને ઠારતી એક પારમાર્થિક પંગત..જગતમાં નામ તેનો નાશ છે પણ વિરપુરમાં ચાલતી માનવતાની આ જયોત જયાં સુધી માણસના હદયમાં કરૂણા જીવતી હશે ત્યાં સુધી અવિરત ચાલતી રહેશે....

- સૌજન્ય : રમેશ ઠક્કર અને જલિયાણ સેવા ગૃપ

## વીરપુરમાં દ્વિશતાબ્દી મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૭

'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો'ના સૂત્રને સાર્થક કરનાર સંત શિરોમણી જલારામબાપાએ શરૂ કરેલા સદાવ્રતના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં અન્નક્ષેત્ર દ્વિ-શતાબ્દી મહોત્સવ અંતર્ગત મોરારિબાપુની કથાનું ભવ્ય આયોજન કરાયું છે જેની તૈયારીઓ પૂર્ણતાને આરે છે. અમરેલીના ફતેહપુર ગામના પૂજ્ય ભોજલરામ બાપાના આદેશ અને પ્રેરણાથી વિક્રમસંવત ૧૮૭૬ની મહાસુદ બીજના દિવસથી વીરપુરમાં પૂજ્ય બાપાના આંગણે ભૂખ્યાને ભોજન મળી રહ્યું છે. ૧૮ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ વીરપુરમાં દ્વિ શતાબ્દી મહોત્સવ ઊજવવાશે જેમાં મોરારિબાપુની રામ કથા અને ૧૫ થી ૨૦ હજાર બ્રાહ્મણોને બ્રહ્મચોર્યાશી કરાવવામાં આવશે.

**દ્વિ-શતાબ્દી મહોત્સવની હાઇલાઇટ્સ**

- વિક્રમસવંત ૧૮૭૬ની મહાસુદ બીજે અન્નક્ષેત્રનો પ્રારંભ
- ૨૦૦ વર્ષથી અન્નક્ષેત્ર અવિરત ચાલુ
- ૨૧ જાન્યુઆરીએ નામાંકિત ગાયિકા એશ્વરીયા મજમુદાર
- ૨૩ જાન્યુઆરીએ સૂફી સંગીતકાર રિચા શર્મા
- ૨૦ હજાર બ્રાહ્મણને બ્રહ્મચોર્યાશી કરાવાશે
- ૩૦ હજારની બેઠક ધરાવતો જર્મન ડોમ તૈયાર
- ૪ હજાર શ્રધ્ધાળુ માટે ગેસ્ટહાઉસની વ્યવસ્થા
- ૨ ગેસ્ટહાઉસ ખોડલધામ ખાતે બુક કરાવ્યા
- ૯ દિવસ વીરપુર ગામમાં ચૂલો નહીં સળગે
- ૧૦૦૦થી વધુ સ્વંયમ સેવકો સેવા આપશે



ગાંધીનગર, તા. ૧૭

સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પ્રસંગે ગુજરાત સાયન્સ સીટી દ્વારા ઈન્ટરેકટીવ સેશનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

સ્વામી વિવેકાનંદ કેન્દ્રના નિષ્ણાત જયદેવ રાવલે આ માહિતી આપતાં જણાવ્યું હતું કે સ્વામીજીના ઉપદેશ આજે પણ એટલા જ તાદ્રશ્ય છે અને આપણે સ્વામીજીનો પ્રખ્યાત ઉપદેશ કેવી રીતે ભુલી શકીએ - ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તી સુધી મંડયા રહો ઘણા લોકો માટે પ્રગતિનો મંત્ર બની ગયો છે. સાયન્સ સિટી દ્વારા સ્વામીજી પ્રેરીત ઉપદેશો આધારીત બુકલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## કલાગુર્જરી દ્વારા રવિવારે 'ગમ્યું તે ગીત' કાર્યક્રમ

### આરતી-શ્યામલ-સૌમિલ મુનશી ગમતીલાં ગીતો રજૂ કરશે

ગાંધીનગર, તા. ૧૭

સંસ્કાર નગરી ગાંધીનગરની કલાપ્રેમી જનતાસમક્ષ સમૃદ્ધ અને માણવાલાયક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશાં પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા 'કલાગુર્જરી' દ્વારા તેના ૧૩મા વર્ષના પાંચમા કાર્યક્રમ તરીકે અમદાવાદનાં જાણીતા કલાકારો આરતી મુનશી અને શ્યામલ-સૌમિલ મુનશીના કસાયેલા કંઠે ગમી ગયેલાં અને ગમી જાય તેવાં ગીત-ગઝલોના ગુલદસ્તા 'ગમ્યું તે ગીત'નું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી આ કાર્યક્રમ તા. ૧૯મી જાન્યુઆરીના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજાશે. નગરના ગીત-સંગીત રસિકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કલા ગુર્જરી સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલે અનુરોધ કર્યો છે.

## કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો વિષે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું બી.એ ના ત્રીજા વર્ષ માં અભ્યાસ કરું છું.મને કૃષિ ક્ષેત્ર માં વધુ રસ છે.આપ મને કૃષિ યુનિવર્સિટી માં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિષે માહિતી આપશો.**

**- રોહિત પટેલ, મહેસાણા**

આપણા દેશના મુખ્ય ઉદ્યોગોમાં કૃષિ અને પશુપાલન આજે પણ સૌથી વધુ મહત?વ ધરાવે છે. ગુજરાત રાજ્ય પણ કૃષિ ક્ષેત્રે સમગ્ર દેશમાં આગળ પડતું સ?થાન ધરાવે છે જ અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે - પશુપાલન ક્ષેત્રે તો ગુજરાત કદાચ સૌથી મોખરે છે. ગુજરાતના આ બંને મહત્વનાં ક્ષેત્રોમાં ગુજરાત સદાય અગ્રેસર રહે તે હેતુથી જ ગુજરાત રાજ્યમાં ૧૯૭૨ માં પ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ?થાપના કરવામાં આવી. આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્ય હતું. જો કે કૃષિ યુનિવર્સિટી વધુ સારી રીતે / અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે હાલ એક જ કૃષિ યુનિવર્સિટીને બદલે ત્રણ કૃષિ યુનિવર્સિટીઓ છે. (૧) સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી (૨) આણંદ



કૃષિ યુનિવર્સિટી (૩) નવસારી કૃષિ યુનિવર્સિટી આ એગ્રિકલ્ચર યુનિવર્સિટીઓનાં મુખ્ય કાર્યો નીચે મુજબ છે. અભ્યાસસક્રમો ચલાવવા : ખેતીવાડી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ વગેરે ક્ષેત્રે જુદા જુદા પ્રકારના ડિપ્લોકમા સ્નાસતક, અનુસ્ના તક તથા પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમો ચલાવવા. રિસર્ચ (સંશોધન) : જુદા જુદા પ્રકારનાં બિયારણોનાં સંશોધનો કરવા, પાક ઉત્પાચદન વધારવા, પાકોના રોગો અટકાવવા જરૂરી સંશોધનો કરવાં તેમજ ખેતીવાડીમાં નવી ટેકનોલોજીનો વિકાસ થાય તેવાં સંશોધનો કરવા ઉપરાંત પશુપાલન ક્ષેત્રે જરૂરી વિકાસ થાય તે માટે પશુઓમાં થતા રોગો અટકાવવા તેમજ દૂધ ઉત્પાતદન વધારવા જરૂરી સંશોધન કરવામાં આવે છે. એક્ષટેન્શન (વિસ્તવરણ) : એક્ષટેન્શમન કાર્યક્રમ હેઠળ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ જુદાં જુદાં સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે.આમ આપ આ પૈકી કોઈ પણ એક યુનિવર્સિટી માં અભ્યાસ કરી કૃષિ ક્ષેત્રે આગળ વધી શકો છો.

**૨. હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું.મારે યુ.પી,એસ,સી અને એસ.એસ.સી ની પરીક્ષા ની તૈયારી કરવી છે.પણ મારે અંગ્રેજી માં થોડી તકલીફ પડે છે.યુ.પી.એસ.સી ની પરીક્ષા માટે કેટલા કલાક ની મેહનત જોઇએ?**

**- રાજેશ પુરોહિત**

રાજેશ, આપ ચોક્કસ ઉચ્ચકક્ષાના સરકારી અફસર બની શકો છો. તમે જણાવેલી પરીક્ષાઓથી તમે તમારું ધ્યેય ચોક્કસ પ્રાપ્ત કરી શકો છો. તમે કોઈ પણ માધ્યમના વિદ્યાર્થી હોવ, પણ એક વસ્તુ ખુબજ જરૂરી છે અને તે છે 'મહેનત'. તમે મહેનત કરો અને ધ્યેય પ્રાપ્ત કરો. યુપીએસસી અથવા એસએસસી ની પરીક્ષા પાસ કરવા માટે સખત મેહનતની જરૂર છે. તેની સાથે-સાથે તમારું મનોબળ પણ ખૂબ મજબૂત હોવું જોઇયે. કેટલા કલાકની મેહનત જોઈએ એ પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નથી. કોઈ દિવસમાં ૫ કલાક વાંચે તો કોઈ ૧૫. મહત્વની બાબત એ છે કે તમે એક પ્લાન સાથે તૈયારી કરો. તમારા આખા દિવસનો, અઠવાડીયાનો અને મહિનાનો ધ્યેય નક્કી કરો. કેટલું વાંચશો અને કેવી રીતે વાંચશો. અને પછી જ્યાં સુધી નક્કી કરેલ ધ્યેય પૂરો ના થાય ત્યાં સુધી મંડ્યા રહો. કોઈ પણ



વસ્તુ જે તમને તમારા માર્ગ પર થી વિચલિત કરે છે તેવા અડચણોને દૂર કરો. કરંટ અફેર્સ (કરંટ જીકે) રોજ વાંચો અને તેની નોટ્સ બનાવો. પ્લાનિંગ સાથે એના અમલીકરણ પર પણ ધ્યાન આપો.અને અંગ્રેજી ઉપર ખાસ ધ્યાન આપવા તમે અંગ્રેજી નું વાંચન વધારી શકો છો.આપ એના માટે ન્યૂઝપેપર નું વાંચન તથા વિવિધ મેગેઝીનનું વાંચન કરી શકો છો. તમે તમારા ધ્યેયને ચોક્કસ પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૩. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે શું કરવુ જોઇએ?**

**- મોહિત જાડેજા**

મોહિત , એરોનોટીકલ એન્જિનીયર આપના માટે ખૂબ જ સરસ અને સારો વિકલ્પ બની શકે છે.એરોનોટિકલ એંજીન્યરિંગમાં રિસર્ચ, ડિઝાઈનિંગ ડેવલોપમેન્ટ, ટેસ્ટિંગ જેવા વિવિધ પ્રકારના એરક્રાફ્ટ (હવાઈ જહાજ)ને લગતા વિષયોનો સમાવેશ થાય છે. એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે આપે એક સારી યુનિવર્સિટીમાંથી એંજીન્યરિંગનો કોર્ષ કરવાનો હોય છે, જે સામાન્ય રીતે ચાર વર્ષનો હોય છે. એ પછી આપ પ્રોફેશનલ એન્જિનીયરીંગ એકઝામમાં ઉતીર્ણ થઈ આપની સ્કિલ વધારી શકો છો. હવે આપણે લાયકાતની વાત કરીએ તો એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે સૌથી મહત્વનું છે કે આપની આ ક્ષેત્ર પ્રત્યે રુચિ હોવી જરૂરી છે. એટ્લે કે એરક્રાફ્ટમાં અને તેને લગતા વિષયોમાં (જેમ કે ગણિત અને ફિઝિક્સમાં) આપનો રસ અને ફાવટ હોવી જરૂરી છે. કોર્ષની વાત કરીએ તો આપ ધોરણ ૧૨ પછી એરોનોટીકલ એન્જિનીયરની ડિગ્રી મેળવી શકો છો અને તે પણ આપ આઇ.આઇ.ટી જેવી પ્રતિસ્ઠિત સંસ્થામાંથી કરી શકો છો.અને ત્યાર બાદ માસ્ટર પણ કરી શકો છો. અન્ય એ પણ વિકલ્પ છે કે આપ મિકેનિકલ , કોમ્પ્યુટર, સોફ્ટ્વેર એન્જિનીયર, વિગેરે શાખામાં અથવા ફિઝિક્સમાં ગ્રેજ્યુએશન ડીગ્રી મેળવી એરોનોટીકલમાં માસ્ટર ડિગ્રી મેળવી શકો છો. એક જરૂરી બાબત એ છે કે આ વિકલ્પ વિશે જાગ્રુતતા અને સ્પર્ધા ઓછી હોઇ, આપ



યોગ્ય મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. આ ક્ષેત્રમાં અભ્યાસ કર્યા બાદ બહોળી તકો મળે છે. આપ ડિફેન્સ (એરફોર્સ, આર્મી, નેવી), સાઈંટિસ્ટ, સ્પેસ એંજીન્યરિંગ, વિગેરે ક્ષેત્રોમાં આપનું ઉજ્જવળ કરિયર બનાવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner